ફટાકડા બજાર સિવાય સ્ટેડિયમ રોડ પર પણ ફટાકડા બજાર શરૂ

વલસાડમાં દિવાળી આવી ટ્રાફિક લાવી

દિવાળીની ખરીદીને લઈ શહેરના માર્ગો પર ટ્રાફિક જામ

ટ્રાફિકથી લોકો પરેશાન પણ, ઘરાકી નીકળતા દુકાનદારો ખુશ

વલસાડ : વલસાડમાં શુક્રવારથી જ બજારમાં દિવાળીની ઘરાકી નીકળી છે. જેના લઈ વલસાડના તમામ માર્ગો પર ટ્રાફિક જામની સ્થિતિ જોવા મળી હતી. શનિવારે પણ દિવાળીની ખરીદીને લઈ સવારથી જ રસ્તા પર વાહનોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. ટ્રાફિકની ગંભીર સ્થિતિ ઊભી થતાં લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. જોકે, દિવાળીના ઘરાકી નીકળતા દુકાનદારોમાં ખુશી જોવા મળી હતી.

વલસાડ શહેરમાં આ વર્ષે દિવાળીની એટલી ભીડ જામી રહી છે કે, વલસાડના અનેક માર્ગો પણ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે. સાંજ થતાં વલસાડના તિથલ રોડ ચાર રસ્તા પર પણ એટલી જ ભીડ જોવા મળી રહી છે. તીથલ રોડ ચાર રસ્તા પાર કરવામાં પણ ખાસો સમય નીકળી રહ્યો છે. જેના કારણે ખાસ કરીને નોકરિયાતોને ઘરે પહોંચતા કલાકથી વધુ મોડું થઈ રહ્યું છે.

આ વર્ષે દિવાળીમાં સારી ખરીદી નીકળતા કપડા બજાર, જવેલરી બજાર વિગેરેમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

વલસાડમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ સીબી હાઈસ્કૂલ પર પરવાનગી સાથેનું ફટાકડાનું બજાર શરૂ થયું છે. તો બીજી તરફ સ્ટેડિયમ રોડ પર પરવાનગી વિના નાના લારીવાળાનું ફટાકડા બજાર જોવા મળ્યું હતું. વલસાડ સ્ટેડિયમ રોડ પર સતત ટ્રાફિકથી જામ જોવા મળ્યો હતો.

પારડીમાં ફટાકડાની ખરીદી નીકળી

પારડી: દિવાળી પર્વના બે દિવસ બાકી રહ્યા છે, ત્યારે પારડી તળાવના પાળ ઉપર ફટાકડાના સ્ટોલ લાગી ચૂક્યા છે. ફટાકડાના વેપારીઓ જણાવે છે કે, હાલ ઘરાકી ધીરે ધીરે આવી રહી છે, ખાસ કરીને દિવાળીના એક દિવસ પૂર્વે ફટાકડાની ખરીદી માટે ઘરાકી જોવા મળશે. અત્યારે નાના બાળકો માટે પેન્સિલ દોરી, તનકતારા, રંગબેરંગી માચીસ, પિસ્તોલ, બટર ફ્લાય, ખાસ કરીને પોપ પોપની માંગ વધુ રહેતી હોય છે. આ સાથે કોઠી, ચક્કરડી, રોકેટ, બોમ્બ, આતશબાજી વગેરે ઇન્ડિયન આઈટમ પણ આવી છે. પારડી તળાવના પાળ ઉપર ફટાકડાના વિવિધ સ્ટોલ પર ફટાકડા ખરીદી કરવા લોકો ઉમટી રહ્યા છે.

બુદ્ધિનું પ્રદર્શન દિવાળી ટાંણે રોડનું કામ શરૂ કર્યું

પાલિકાએ ધનતેરસના દિવસે સવારે કામ ચાલુ કરતાં વેપારીઓ ગુસ્સે ભરાયા બાદ કામ અટકાવ્યું

કામ અટકાવતા પાલિકાના અધિકારીઓ અને હોદ્દેદારો દોડતા થઇ ગયા

વલસાડ : વલસાડ નગરપાલિકાએ શનિવારે ધનતેરસના રોજ સવારે વી.પી. રોડ પર રોડ રિપેરીંગનું કાર્ય શરૂ કર્યું હતુ. જેના કારણે વેપારીઓ ગુસ્સે ભરાયા બાદ તેમણે કામ અટકાવ્યું હતુ. જેના પગલે પાલિકાના અધિકારીઓ અને હોદ્દેદારો દોડતા થઇ ગયા હતા.

વલસાડ શહેરના અનેક માર્ગો બિસ્માર થઇ ગયા હતા. જેમાં ખાસ કરીને રામજી મંદિર સામેનો વી.પી.રોડ અત્યંત બિસ્માર થઇ ગયો હતો. જેની વ્યાપક ફરિયાદ ઉઠી હતી. આ માર્ગ ગત વર્ષે જ રિપેર થયો હતો અને તેના પર જાડું લેયર કર્યું હતુ. હલકી ગુણવત્તાનો આ માર્ગ બિસ્માર થઇ જતાં તેને રિપેર કરવા પાલિકાને ધનતેરસનો દિવસ જ મળ્યો હતો. તેમણે રાત્રે આ કામ કરવાના બદલે સવારે કામ શરૂ કર્યું હતુ. જેના કારણે સ્થાનિક દુકાનદારોમાં ભારે આક્રોશ ફાટી નિકળ્યો હતો, તેમણે આ કામ બંધ કરાવી દીધું હતુ. જેના કારણે ચીફ ઓફિસર સહિતનો સ્ટાફ દોડતો થઇ ગયો હતો. તેમણે પાલિકા સામે ભારે રોષ ઠાલવ્યો હતો.

જૈસલમેર દુર્ઘટના બાદ પણ બેફામ બનેલા બસ ચાલકો

વલસાડ હાઈવે પર બસની ઉપર જીવના જોખમે મુસાફરી

વલસાડના નેશનલ હાઇવે નં. 48 પર બસની અંદર ઘેટાં-બકરાંની જેમ ભરેલા મુસાફરો

મુસાફરોથી ખીચોખીચ ભરેલી આ બસ ધમડાચી હાઇવે પર અન્ય બસ સાથે અથડાયા બાદ પણ, ચાલકે બેફામ હંકારી

બસચાલકો સામે કડક કાર્યવાહીની માંગ

જૈસલમેરની મોટી દુર્ઘટના બાદ પણ ખાનગી બસ ચાલકોની આ પ્રકારની બેદરકારી અને નિયમોનું ઉલ્લંઘન દર્શાવે છે કે, તેમને મુસાફરોના જીવની જરાય પરવા નથી. આ જોખમી વિડીયો વાયરલ થતાં, ટ્રાફિક અને પરિવહન વિભાગ દ્વારા આવા જવાબદાર બસ ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ ઉઠી છે.

વલસાડ : ખાનગી બસ ચાલકો બેફામ બની જૈસલમેર દુર્ઘટના બાદ પણ આંખ આડા કાન કરી રહ્યા છે. વલસાડના નેશનલ હાઇવે નં. 48 પર બસની અંદર ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભર્યા હતા. તેમ છતાં બસની ઉપર પણ ૨૦થી વધુ મુસાફરો બેસીને જોખમી મુસાફરી કરી રહ્યા હોવાનો વિડીયો સોશિયલ મીડિયા વાયરલ થયો હતો..

પ્રાપ્ત માહિતી મુજબ વલસાડના સરોણ નેશનલ હાઇવે નંબર ૪૮ પરથી દમણથી દાહોદ તરફ જતી ખાનગી બસમાં મોટી સંખ્યામાં મુસાફરોને ઘેટાં-બકરાંની જેમ બસની અંદર અને બહાર જોખમી રીતે બેસાડવામાં આવ્યા હતા. વિડીયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ૨૦ થી વધુ લોકો બસની છત ઉપર બેસીને પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરી કરી રહ્યા છે. ચોંકાવનારી વાત તો એ છે કે, મોટી સંખ્યામાં મુસાફરોથી ખીચોખીચ ભરેલી આ બસ વલસાડના ધમડાચી હાઇવે પર અન્ય એક બસ સાથે અથડાયા બાદ પણ, બેફામ બસ ચાલકે બસને નેશનલ હાઇવે નંબર ૪૮ પર કોઈ પણ પ્રકારની રોકટોક વિના હંકારી મૂકી હતી.

‘તમારાથી થાય તે કરી લેજો, હું સુપ્રીમમાં જઈશ’

ઉમરગામમાં પોલીસ સાથે ઝપાઝપી કરનારા બે સામે ગુનો દાખલ

હેલ્મેટ પહેર્યું ન હોય પોલીસે રોકતા અને કાગળો માંગતા મોપેડ ચાલક સવાર ઉશ્કેરાઈ ગયા

ઉમરગામ : ઉમરગામમાં વાહન ચેકિંગ દરમિયાન કાગળો માંગતા મોપેડ ચાલક સવારે પોલીસ સાથે ઝપાઝપી કરી શર્ટનો કોલર પકડી પાડતા બે શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી રાજેશભાઈ રતિલાલ ટંડેલ અને પોલીસ કર્મચારીઓ શુક્રવારે ઉમરગામ ગાંધીવાડી સરસ્વતી બિલ્ડીંગ ત્રણ રસ્તા પાસે ટ્રાફિકને લગતી કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન નબીહુસેન ચૌધરી અને રાજવીર સુરેન્દ્રપ્રસાદ શાહ (બંને રહે ઉમરગામ ગાંધીવાડી) ઉમરગામ સ્ટેશન રોડ તરફથી સાંજના એક એક્ટિવા મોપેડ લઈને ડબલ સીટ આવી રહ્યા હતા.

પોલીસે તેમને રોક્યા હતા અને કાગળો માંગી તેઓએ હેલ્મેટ પહેર્યું ન હોય તે બાબતે પૂછતા આ બંને જણાએ ઉશ્કેરાઇ જઈ પોલીસ સાથે ગમે તેમ અપશબ્દો બોલવા લાગ્યા હતા. અને મોપેડ પર પાછળ બેસેલો શખ્સ પોલીસનો વિડીયો ઉતારવા લાગ્યો હતો અને કોલર પકડી ઝપાઝપી કરવા લાગ્યો હતો અને મોપેડ ચાલક જોર જોરથી બૂમો પાડી ‘તમારાથી થાય તે કરી લેજો, હું હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ પણ જઈશ’ તેમ કહી સાથેના ઈસમે એના મોબાઈલ ફોનમાં પોલીસની કામગીરીનો વિડીયો રેકોર્ડિંગ કરી કોર્ટની ધાકધમકી આપવા લાગ્યા હતા.

ફરિયાદી પોલીસ કર્મચારીએ પોતાના ઉપરી અધિકારીને આ બાબતે જાણ કરતા તેઓ પણ સ્થળ પર આવી ગયા હતા અને આ સમગ્ર બનાવ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

નદીમાં ખાબકતા બાઈકસવારનું મોત

શોધખોળ બાદ કોસમ કૂવાના યુવકનો મૃતદેહ મળ્યો

ખેરગામઃ ઘરમપુરના કોસમ કૂવામાં રહેતા યુવક ખેરગામ તરફના ઔરંગા નદીના પુલ પર ડિવાઈડર સાથે અથડાયો હતો, જે બાદ તે નદીમાં ખાબક્યો હતો. શોધખોળ બાદ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

મૂળ ધરમપુરના ઝરિયા ગામના ભુસારા ફળિયા અને હાલ કોસમ કૂવાના દાદરી ફળિયામાં રહેતો જયેશ ઈશ્વર ભૂરકુંડ (ઉ.વ.૩૪) બાઈક (નં. જીજે 15 બીકે 3731) લઈ 15મીએ ધરમપુરથી ખેરગામ આવી રહ્યો હતો. દરમિયાન પેલાડ ભૈરવી દુકાન ફળિયામાં ઔરંગા નદીના પુલ ઉપર ડિવાઈડર સાથે ધડાકાભેર તેની બાઈક અથડાઈ હતી. બાઈક અથડાતા યુવક બ્રિજ પરથી સીધો નદીમાં ખાબક્યો હતો. સ્થાનિકો દોડી આવ્યા હતા અને જે સાથે તેઓ પોલીસ તેમજ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. આ બનાવની જાણ ફાયર બ્રિગેડને થતાં તુરંત જ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ નદીમાં યુવકની શોધખોળ હાથ ધરી હતી. નદીમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી ભારે શોધખોળ ના અંતે ડૂબી ગયેલી હાલતમાં તેની લાશ મળી આવી હતી. જે અંગે પોલીસે હાલ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કલવાડાના આધેડ સાથે 85 હજારની ઠગાઇ

ભુલથી ટ્રાવેલ પ્લાન એક્ટિવ થયો છે જેને બંધ કરવા એપ્લિકેશન ડાઉનલોડ કરાવી રૂપિયા 85 હજાર સેરવી લીધા

વલસાડ : સાઇબર ઠગો દ્વારા અવનવી ટેક્નિકથી મોબાઇલ ફોનમાં એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઠગાઇ થતી હોવાના કિસ્સાઓ બહાર આવતા રહેતા હોય છે.

જેમાં વધુ એક કિસ્સો બહાર આવ્યો છે. જેમાં એક આધેડને બેંક કર્મચારીના નામે ફોન કરી તેમનામાં ટ્રાવેલ્સ પ્લાન કેન્સલ કરવાના નામે એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેના ખાતામાંથી રૂપિયા 85 હજાર સેરવી લીધા હતા.

વલસાડના કલવાડા ગામે રહેતા એક આધેડ આરબીએલ કંપનીનું ક્રેડિટ કાર્ડ ઉપયોગ કરે છે. ત્યારે કોઇ સાઇબર ઠગે તેમની ડિટેલ કઢાવી તેમને પોતે આરબીએલમાંથી બોલે છે અને તેમના કાર્ડમાં ટ્રાવેલ્સ પ્લાન એક્ટિવેટ થઇ ગયો હોવાનું જણાવે છે. ત્યારબાદ આ પ્લાન ચાર્જેબલ હોય તેને કેન્સલ કરવા તેણે તેના મોબાઇલમાં આરબીએલ માય કાર્ડ નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. આ એપ્લિકેશન થકી તેમણે મોબાઇલમાં આવતા એસએમએસ અને અન્ય ડેટાની એક્સેસ મેળવી તેમાંથી રૂપિયા 85 હજાર સેરવી લીધા હતા. જેની જાણ થતાં તેઓને છેતરાયાની અનુભૂતિ થઇ અને તેમણે આ સંદર્ભે વલસાડ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વાપીમાં નાણાં મંત્રીનું કાર્યકરોએ અભિવાદન કર્યું

ત્રીજી વખત ગુજરાત સરકારમાં કેબિનેટ મંત્રી બન્યા બાદ વાપીમાં ઢોલ-નગરા અને ફટાકડા ફોડીને કાર્યકરોએ અભિવાદન કર્યું

વાપી : વાપીમાં ધારાસભ્યના કાર્યાલયે શનિવારે સવારે નાણાં તેમજ શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈનું ભાજપના આગેવાન તેમજ કાર્યકરો તેમજ સ્થાનિક અગ્રણીઓ જોરદાર અભિવાદન કર્યું હતું. ઢોલ-નગારા તેમજ ફટાકડા ફોડીને કનુભાઈની કેબિનેટ મંત્રી તરીકે સતત ત્રીજી વખત વરણીને લોકોએ વધાવી લીધી હતી. પારડી વિભાગના ધારાસભ્ય તરીકે તેમના વાપી સ્થિત ગુંજનના કાર્યાલયમાં ભાજપના આગેવાનો તેમજ કાર્યકરો તથા અગ્રણીઓએ નાણાં મંત્રી કનુભાઈનું જોરદાર અભિવાદન કર્યું હતું. ફૂલ ગુલદસ્તા આપીને બધા કનુભાઈને અભિનંદન આપ્યા હતા. શહેર ભાજપના પૂર્વ પ્રમુખ તેમજ વીઆઈએના પ્રમુખ સતિષભાઈ પટેલ, શહેર ભાજપના પ્રમુખ મનીષભાઈ દેસાઈ, પાલિકાના પૂર્વ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ, પાલિકાના પૂર્વ કારોબારી અધ્યક્ષ મિતેશભાઈ દેસાઈ, તાલુકા ભાજપ પ્રમુખ સમય પટેલ સહિત સૌએ કનુભાઈનું અભિવાદન કર્યું હતું. ગુજરાત સરકારમાં સતત ત્રીજી વખત કેબિનેટ મંત્રી તરીકે રહીને વાપી તેમજ વલસાડ જિલ્લાનું કનુભાઈ દેસાઈએ ગૌરવ વધાર્યું છે.

હોમગાર્ડની જામીન અરજી નામંજૂર

વલસાડ : ઉમરગામના હોમગાર્ડને એસીબીએ રૂપિયા 5 હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. જ્યુડિશ્યલ કસ્ટડી ભોગવતા આ હોમગાર્ડ જામીન માટે વાપીની સ્પેશ્યલ કોર્ટમાં અરજી કરી હતી. આ કેસની સૂનાવણીમાં ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ.એન.વકીલે આ જામીન અરજી નામંજૂર કરતો ચૂકાદો આપ્યો હતો. ઉમરગામના હોમગાર્ડ અનિલ બાબુ ઘોડીએ દારૂ લાવનાર પાસેથી રૂપિયા 5 હજારની માંગણી કરી હતી. આ કેસમાં એસીબીએ લાંચ લેતા પકડી પાડ્યો હતો. જેની જામીન અરજી નામંજૂર થઇ છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૫૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રી પૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958 / 9374726017

પેપરની પસ્તીના
રૂપિયા ૧૮ કિલોના, શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં. 9426394294 સુરત.

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9664875838

કબુતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

PRESIDENT PEST CONROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

મિલ્કત વેચવાની છે

દુકાન વેચવાની છે
પાલનપુર જકાતનાકા ચાર રસ્તા પાસે મેઈન રોડ 7069680008 (539)

Flat Sell
6 બેડરૂમ પર્વત પાટિયા Flat Rent 3 બેડરૂમ વેસુ 9824141999

વેસુ 4 પોઈન્ટમાં
ફુલ્લી ફર્નીશ્ડ ઓફિસ વેચાણથી આપવાની છે. 35 લાખમાં, 9377889912

ભટાર રોડ
રોડ 2 BHK 1335 ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે.9825088402, 9825919637

મકાન વેચવાનું R.C.C
ત્રણ માળ 32 લાખ આસપાસ મંદિર. 8488968543

મિલ્કત લે-વેચ

હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

ઓમશિવ ટ્રાવેલ્સ
ભાઈબીજ- 23, 29(જોધપુર, જેસલમેર, સમડેઝર્ટ, જૂનારણુજા) (પંચમઢી, અંજટા, ઈલોરા, ધૃષ્ણેશ્વર) 27, 29, અને 1 (ઉજ્જૈન, ઓમકારેશ્વર, માંડુ, શિહોર) (મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા) (સારંગપુર, વિરપુર, ચોટીલા, મોઢેરા, અંબાજી) દરરોજ રાત્રે શીર્ડી, નાસિક, શનિદેવ, ત્ર્યંબકેશ્વર, સપ્તશૃંગી. ખરવરશેરી, ભાગળ, સુરત.-9537838949, 9327199997

કોર્પોરેટ ઓફિસ માટે પીલર લેસ મોટા હોલ કોમર્શિયલ જગ્યા ભાડે આપવાની છે. કોર્પોરેટ દલાલોએ સંપર્ક કરવો. સ્થળ: રીંગરોડ મો.નં. 6353472781

AUM TOURS
(સંપૂર્ણ સૌરાષ્ટ્ર 7 દિવસ 23-10) (રોયલ રાજસ્થાન 9 દિવસ 23-10) (કચ્છ રણોત્સવ 5 દિવસ 24-10, 31-10) (ઉદયપુર, શ્રીનાથજી, ચિત્તોડગઢ, માઉન્ટઆબુ 7 દિવસ, 23-10, 27-10) 7878674257.

INDUSTRIAL LAND
Industrial NA Land for Sale At Vapi (N.H.), Highway Touch-Ready Possession.
CONTACT: 9869008022

જૂના જાણીતા રાજુ
મોદી કેરેલા, કન્યાકુમારી, રામેશ્વરમ, કોડઈકેનાલ, જટાયુ, બાહુબલી ફોલસ, 24 ઓક્ટોબર, દિવસ 13, 9374512979 (538)

શ્રીધામ ટ્રાવેલર્સ.
રોયલ રાજસ્થાન, 9 દિવસ, 24/ 10, 13,500/- અડાજણ, સુરત. 9512991300, 8160646008.

દિવાળી પ્રવાસ
પ્રથમ ટ્રાવેલ્સ. જયપુર, ખાતુશ્યામ, ઉદયપુર, શ્રીનાથજી, આબુ. વિજય પારેખ- કતારગામ. 9825344459.

નોકરી વિષયક

ભ.ડી.સે.કો.બેંક
રેલ્વે સ્ટેશન સામે ભરૂચમાં સી.બી.એસ ઉપર કામ કરી શકે તેવા બે એકાઉન્ટ ઓફિસરની જગ્યા ભરવાની છે. દિન- ૫ માં અરજી કરવી. ચેરમેન (537)

અડાજણમાં ટ્રાવેલ
ઓફિસ માટે પર્સનલ સેક્રેટરી જોઈએ છે. MO- 8160017181

હેલ્પર જોઈએ છે
જેને કાપડનો અનુભવ હોય, કોટ- પેન્ટ, શર્ટ- પેન્ટ, શેરવાની અને કસ્ટમર હેન્ડલ કરી શકે તેવા અનુભવી માણસ જોઈએ છે શોરૂમનો ટાઈમ છે. સવારે 11થી લઈને રાત્રે 10 વાગ્યા સુધી. Irfan Motiwala, ચોક બજાર જુમ્મા મસ્જિદ, સુરત મોબાઈલ. 9825139287

REQUIRED
Floor Manager/ Coordinator (Female) - 2 Vacancies (English, Hindi, Gujarati required) Ward Boy/Patient Attendant - 1 Vacancy For a radio diagnostic imaging center in Adajan. Best of the class salary; first preference for experienced Call on 9537221223 from 6 to 8 pm

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.